સમય મર્યાદા

પરિપત્ર

O.I.G.S.

નં.નાનિઅજાક/પો.મે.શિ./૧૬-૧૭/ ૧૩૭૭/૧૭૩૭
નાયબ નિયામકશ્રી, અનુ.જાતિ કલ્યાણની
કચેરી, રૂ.ન.૨૨૯, જુના સેવા સદન,
તા.જિ.આણંદ તા.૨૨ / ૯ /૨૦૧૬



Inward No.: 6271
Section: Scholarship
Date: 12/10/16

પ્રતિ,
આચાર્યશ્રી,

| | |
|---|---|
| S. P. University | At. V. V. Nagar, Anand-388120 |

નાયબ નિયામક,
અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી, આણંદ

વિષય :- વર્ષ ૨૦૧૬-૧૭ની અનુ.જાતિની પોષ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ/ફુડબીલ/સાધન-સહાય યોજનાઓની દરખાસ્ત બાબત

મહાશય,

જયભારત સહ ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે દર વર્ષની જેમ ચાલુ નાણાકીય વર્ષ-૨૦૧૬-૧૭ ના શૈક્ષણિક સત્ર દરમ્યાન આપની ઉચ્ચતર માધ્યમિક શાળા/કોલેજમાં અભ્યાસ કરતાં અનુ.જાતિના વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓની શૈક્ષણિક સવલતો અત્રેથી મંજૂર કરી ચૂકવવાની થાય છે.

ચાલુ નાણાંકીય વર્ષ- ૨૦૧૬-૧૭ દરમ્યાન આપની ઉચ્ચતર માધ્યમિક શાળા/કોલેજમાં અભ્યાસ કરતાં અનુ.જાતિનાં વિદ્યાર્થી/વિદ્યાર્થીનીના પોસ્ટ-મેટ્રીક શિષ્યવૃત્તિ મેળવવા અંગેના અરજીફોર્મ અરજી કરી અત્રેની કચેરીએથી મેળવી લેવાના રહેશે. આ અરજીપત્રકો વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓ પાસેથી પુરેપુરી વિગતો સાથે ભરાવી તેની સાથે જોડવાના તમામ સાધનિક પુરાવાઓની પ્રમાણિત નકલો જેવી કે છેલ્લી પરીક્ષા પાસ કર્યાની માર્કશીટ, વિદ્યાર્થીના પિતા/વાલીનો ગત વર્ષ ૨૦૧૫-૧૬ નો સક્ષમ અધિકારીનો આવકનો દાખલો, જાતિનુ પ્રમાણપત્ર વગેરે વિદ્યાર્થીએ અરજી પત્રક સાથે રાખેલ છે કે કેમ? તેની સંપૂર્ણ વિગતોની ચકાસણી કરવાની રહેશે. તેમજ કોલેજે ભરવાની થતી વિગતો વ્યવસ્થિત ભરી અરજીપત્રકો સાથે સામેલ દરખાસ્ત-પત્રક મુજબ કેમ્પના સ્થળે લઇ હાજર રહેવાનું રહેશે. કેટલીક વખત શાળા/કોલેજ માંથી વિદ્યાર્થીઓએ ભરેલ અરજીપત્રકો અને સંસ્થા દ્વારા ભરવામાં આવતુ દરખાસ્ત પત્રક અધુરી વિગતો સાથે અત્રે રજૂ કરવામાં આવે છે. જેને કારણે શિષ્યવૃત્તિ મંજૂર કરવામાં વિલંબ થાય છે. તેમજ કેટલીક વખત અરજીપત્રકો એકી સાથે ન મોકલતાં ટુકડે ટુકડે મોકલવામાં આવે છે. આથી શાળા/કોલેજની શિષ્યવૃત્તિ એકી સાથે મંજૂર કરી શકાતી નથી. ચાલુ વર્ષે દરેક સંસ્થા/શાળા/કોલેજ ને ખાસ જણાવવામાં આવે છે કે શિષ્યવૃતિ કેમ્પમાં જ દરેક વિદ્યાર્થીના અરજીફોર્મ ભરી દરખાસ્તો આપવાની રહેશે. પુરવણી દરખાસ્તો સ્વીકારવામાં આવશે નહી. જે ધ્યાને લેવા વિનંતી છે.

નોંધ:- પરિપત્રનો પુરો અભ્યાસ કર્યા બાદ જ દરખાસ્ત કરવી. જો દરખાસ્તમાં કોઇ ક્ષતિ રહેશે તો તેની જવાબદારી શાળાના સંબધિત કર્મચારીની/ આચાર્યની રહેશે.

➔ <u>શાળા કોલેજોએ અરજીપત્રક મોકલતી વખતે ધ્યાનમાં રાખવાનાં અગત્યનાં મુદ્દા :-</u>

(૧) **<u>વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિની રકમ જમા કરાવવા દરખાસ્તમાં જેટલાં વિદ્યાર્થીઓ હોય તે તમામ વિદ્યાર્થીનુ એક જ રાષ્ટ્રીયકૃત બેંકમાં ઝીરો બેલેન્સથી એકાઉન્ટ ખોલાવવાનુ રહેશે અને દરખાસ્ત-પત્રકમાં તમામ વિદ્યાર્થીના બેક એકાઉન્ટ નં તથા અધારકાર્ડ/UID/એનરોલમેન્ટ નંબર દર્શાવવાનો રહેશે.. જો વિદ્યાર્થીએ બેંકમાં ખાતુ ખોલાવેલ ન હોય તો તેવા વિદ્યાર્થીઓને દરખાસ્તમાં સમાવવા નહિ. કોઇપણ સંસ્થાના નામનો ચેક ચાલુ વર્ષથી આપવામાં આવશે નહી જેની નોંધ લેવી.</u>**

(૨) સબંધિત શૈક્ષણિક સંસ્થાએ વિદ્યાર્થીઓના બેંકખાતા તથા આધારકાર્ડ ખોલાવવાની કાર્યવાહી કરવાની રહેશે. સંબંધિત બેંક તથા આધારકાર્ડ અંગે સંબંધિત સત્તા અધિકારી સાથે સંકલન કરી વિદ્યાર્થીઓને બેંકની ખાતાની પાસબુક - એકાઉન્ટ નંબર અને આધારકાર્ડ/**UID/EID** નંબર મળે તેવી વ્યવસ્થા કરવાની રહેશે.

(૩) સેલ્ફ ફાયનાન્સ સંસ્થાઓએ ફી નું જે માળખુ યુનિવર્સિટી કે ફી રેગ્યુલર કમિટીએ મંજુર કરેલ હોય તેવા આધાર પુરાવાઓ દરખાસ્ત સાથે પ્રથમ પાને મુકવાના રહેશે. વિદ્યાર્થીઓએ અરજીપત્રક સાથે સંસ્થામાં ફી ભર્યાની પહોંચની નકલ રજુ કરવાની રહેશે. જો શાળા/સંસ્થા પાસે યુનિવર્સિટી કે ફી રેગ્યુલર કમિટીએ મંજુર કરેલ ફી અંગેનુ માળખુ નહી હોય તો તેવા સંજોગોમાં વિદ્યાર્થીઓને ફક્ત નિભાવ ભથ્થુ જ મળવા પાત્ર રહેશે જેની નોંધ લેવી.

(૪) અનુ.જાતિના વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓ માટે આવક મર્યાદા રૂ.૨,૫૦,૦૦૦/- છે. પરંતુ જો વિદ્યાર્થી કન્યા હોય અને પિતા/વાલીની આવક રૂ. ૨,૫૦,૦૦૦/- થી વધુ હોય તો તેઓને માત્ર નિભાવ ભથ્થુ મળવા પાત્ર રહેશે.

(૫) દરેક સંસ્થાએ રૂ. ૨,૫૦,૦૦૦/- થી વધુ આવક વાળી બહેનોનુ તથા રૂ. ૨,૫૦,૦૦૦/- થી ઓછી આવકવાળા તમામ વિદ્યાર્થીઓનુ દરખાસ્ત પત્રક અલગ - અલગ બનાવી દરખાસ્ત કરવી. રૂ. ૨,૫૦,૦૦૦/- થી વધુ આવકવાળા કુમાર વિદ્યાર્થીઓની દરખાસ્ત કરવાની રહેતી નથી.

- F.Y./S.Y./T.Y. કુમાર-કન્યા નં તથા હોસ્ટેલર-ડેસ્કોલર (ઓછી આવકવાળા) નું સળંગ એક જ પત્રક બનાવવાનું રહેશે.
- F.Y./S.Y./T.Y. તથા કન્યા નું હોસ્ટેલર-ડેસ્કોલર (વધુ આવકવાળા બહેનો) નું સળંગ એક જ પત્રક બનાવવાનું રહેશે.
- પત્રકો સ્વચ્છ તથા કોમ્પ્યુટર રાઇઝ બનાવવાના રહેશે.

(૬) અનુ.જાતિના વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓ ગુજરાત રાજ્યના મુળ વતની હોવા જોઇએ.

(૭) વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીએ ગત વર્ષની પરીક્ષા પાસ કરેલી હોવી જોઇએ. સારા ચાલ-ચલગત અને ૭૦% થી વધુ નિયમિત હાજરી હોવી જોઇએ. જો નાપાસ વિદ્યાર્થીને યુનીવર્સીટીએ ઉપલા વર્ગમાં ચઢાવેલ હોય તો તેની વિગતો સાથે દરખાસ્ત રજુ કરવી.

(૮) સંસ્થાએ શિષ્યવૃતિની દરખાસ્ત કરતી વખતે દરખાસ્ત-પત્રક બે નકલમાં રજુ કરવું શિષ્યવૃતિનુ દરખાસ્ત-પત્રક આ સાથે સામેલ છે.

(૯) જાતિ/આવકના દાખલા સક્ષમ અધિકારીશ્રીના પ્રમાણિત પ્રમાણપત્રો રજૂ કરવાના રહેશે. (આવકના દાખલાઓ મામલતદારશ્રી / તાલુકા વિકાસ અધિકારીશ્રી / ચીફ ઓફીસરશ્રી ના જ બીડવા)

(૧૦) કોલેજ માન્ય તથા કોલેજ સંલગ્ન છાત્રાલયમાં રહી અભ્યાસ કરતાં અનુ.જાતિના વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓની શિષ્યવૃત્તિ હોસ્ટેલર દર મુજબ મળવા પાત્ર રહેશે.

(૧૧) કોલેજ માન્ય તથા કોલેજ સંલગ્ન છાત્રાલયમાં તથા સરકારી છાત્રાલયમાં રહી અભ્યાસ કરતાં અનુ.જાતિના વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓની શિષ્યવૃત્તિના અરજીપત્રકમાં છાત્રાલયના વોર્ડન/રેક્ટરશ્રી ના સહિ/ સિક્કા સાથે રજુ કરવાનાં રહેશે.

(૧૨) જે છાત્રાલય વિદ્યાર્થીઓ પાસે ફુડબીલ લેતા ન હોય અને સમાજ કલ્યાણ ખાતા દ્વારા અનુદાન મેળવતી હોય તેમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ૫૦% ના દરે શિષ્યવૃતિ મળવા પાત્ર રહેશે. (ધોરણ ૧૧ અને ૧૨)

(૧૩) પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતાં અનુ.જાતિના વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓનો અરજીપત્રક ઉપર ફોટો ચોટાડી સહી કરવાની રહેશે.

(૧૪) ગત નાણાંકીય વર્ષ ૨૦૧૫-૧૬ દરમ્યાન મંજૂર કરેલ શિષ્યવૃતિની ચુકવણી કર્યા અંગેની સ્ટેમ્પ રસીદ વાળી પહોંચ તથા અત્રેની કચેરી દ્વારા ચૂકવેલ શિષ્યવૃતિની રકમનું યુટીલાઇઝ સર્ટી મોકલવું.

(૧૫) શિષ્યવૃત્તિની ચુકવણી માટે બેંક અને જે તે શૈક્ષણિક સંસ્થાએ સ્થાનિક કક્ષાએ સુચારૂ સંચાલન કરી વિદ્યાર્થીઓને મંજૂર કરેલ શિષ્યવૃત્તિની રકમ ઝડપથી મળે તેની તકેદારી રાખવાની રહેશે.

(૧૬) નિયત કરેલ સામેલ દરખાસ્ત-પત્રકની બધી વિગતો એક્સેલ (Excel) ફોર્મેટમાં જ આપવી અને એક્સેલ ફોર્મેટમાં વિગતો ભરવા માટેનુ માર્ગદર્શક પત્રક આ સાથે સામેલ છે.

(૧૭) શિષ્યવૃતિની બધી વિગતો CDમાં પણ આપવાની રહેશે. CD ઉપર સ્કુલ કોલેજનુ નામ સ્પષ્ટ બતાવવુ.

(૧૮) Data Entry માટે આપેલ દરખાસ્ત-પત્રકમાં Column કે Row ઉમેરવી નહી.

(૧૯) નિયત કરેલ દરખાસ્ત-પત્રકની બધી વિગતો અંગ્રેજીમાં આપવી. ફક્ત નામ ગુજરાતીમાં આપવા. (ગુજરાતી ભાષામાં શ્રુતી ફોંટનો જ (Shruti Font) ઉપયોગ કરવો.

(૨૦) પત્રકમાં ફોટની (અક્ષર) સાઇઝ ૧૧ ની રાખવી.

(૨૧) ઉદાહરણ તરીકેની ૧(એક) એન્ટ્રી પત્રકમાં બતાવેલ છે. તે મુજબ સંસ્થાના વિદ્યાર્થીઓની માહિતી ભરવાની રહેશે.